# સરદાર સરોવર ડેમની જળસપાટી ૧૭ દિવસમાં ૪૩ સે.મી. ઘટી

ગાંધીનગર,તા.૧૮

સરદાર સરોવર નર્મદા ડેમની જળસપાટી ૧૭ દિવસમા ૪૩ સેન્ટીમીટર જેટલી ઘટીને ૧૧૧.૦૭ મીટર સુધી નીચે જતી રહી છે. સરદાર સરોવરમા પાણી લાઈવ સ્ટોરેજ હવે ૪૯.૨ મિલિયન કયુબીક મીટર છે. ત્યારે નર્મદા ડેમની જળસપાટી હજુ ૪૩ સેન્ટીમીટર જેટલી ઘટે તો ઈરિગેશન બાય પાસ ટનલના ગેટ ખોલવા પડશે તેવી સ્થિતિનું નિર્માણ થયુ છે.

આ વર્ષ સરદાર સરોવર નર્મદા ડેમના ઉપરવાસ મધ્યપ્રદેશમા ઓછા વરસાદના કારણે નર્મદા ડેમ પર જોઈએ તેટલી પાણીની આવક થઈ ન હતી. જેના કારણે ગુજરાતને મળવા પાત્ર પાણીમાંથી ૪૦ ટકા જેટલુ ઓછુ પાણી મળ્યુ હતું. આ બધી પરિસ્થિતિના કારણે ગુજરાત સરકારે અગમચેતીના ભાગ રૂપે નર્મદા ડેમનુ પાણી સિંચાઈ એટલે કે ખેતી માટે નહિ આપવાની જાહેરાત કરી દીધી હતી. આ ખેડુતો નર્મદા કેનાલનુ પાણી લેતા હોઈ અને ખેડુતોને ઉનાળુ પાકનુ વાવેતર નહી કરવા જણાવ્યુ હતુ. ત્યારે બીજી તરફ નર્મદા ડેમની જળસપાટી સતત ઘટી રહી છે. આ મહીનામા જ નર્મદા ડેમની જળસપાટી ૪૩ સેન્ટીમીટર જેટલી જળસપાટી ઘટી ગઈ છે. આજે તો નર્મદા ડેમની ૧૧૧.૦૭ મીટર સુધી નીચે જતી રહી છે.

સરદાર સરોવર નર્મદા ડેમની જળસપાટી હાલમા ઘટી રહી છે જે જણાવે છે કે, ગુજરાત સરકાર નર્મદા ડેમની જળપસાટી ને લઈ જે ચિંતામાં હતી તે સાચી ઠરતી જણાય છે. કારણ કે હજુ તો ઉનાળાની શરૃઆત બરાબર થઈ નથી અને ફેબ્રાઆરી મહીનો ચાલે છે. તેવામા નર્મદા ડેમની જળસપાટી ૧૧૧.૦૭ મીટરે પહોચી ગઈ છે. ડેમ પર પાણીની આવક આજે ૫૨૫૯ કયુસકે છે. નર્મદા નદીને જીવંત રાખવા માટે ગોડબોલે ગેટમાંથી ૬૦૫ કયુસકે પાણી છોડવામા આવી રહયુ છે. મુખ્ય કેનાલમાંથી ૮૨૦૦ કયુસેક પાણી છોડવામા આવી રહયુ છે. ત્યારે સરદાર સરોવર નર્મદા ડેમની જળસપાટી ફેબ્રઆરી મહિનાની શરૃઆતમા ૧લી ફેબ્રઆરીએ ૧૧૨.૫૦ મીટર હતી. જે ૧૭ ફેબ્રઆરીએ ૧૧૧.૦૭ મીટર થઈ ગઈ છે. એટલે કે ૧૭ દિવસના ટુકાગાળામા ડેમની જળસપાટી ૪૩ સેન્ટીમીટર (દોઢ ફૂટ) જેટલી ઘટી ગઈ છે. એટલે જો હવે બીજા ૪૩ સેન્ટીમીટર જળસપાટી ઘટી જાય તો ઈરિગેશન બાય પાસ ટનલના ગેટ ખોલવા પડશે. તેમાં સારી વાત એ છે કે, ઈરીગેસન બાય પાસ ટનલ એકદમ તૈયાર છે અને તે સંપુર્ણ કાર્યરત થાય તેવી સ્થીતિમા છે. જેની ચકાસણી તાજેતરમા રાજયના મુખ્ય સચિવ જે. એન. સીંઘ કરી ગયા હતા.



બ્રહ્માકુમારીઝ ચિલોડા કેન્દ્ર દ્વારા સાદરા ખાતે આધ્યાત્મિક સ્નેહમિલન અને રાજયોગના પ્રયોગનો એક સુંદર કાર્યક્રમ તા. ૧૭ ફેબ્રુઆરી સવારે ૧૦ થી ૧૨માં સંપન્ન થયો. જેમાં સત્ય ગીતા જ્ઞાન અને સહજ રાજયોગની વૈચારિક ક્રાંતિમાં ખૂંખાર પંચમસિંહ ડાકુ હૃદય પરિવર્તન બાદ રાજયોગી બ્રહ્માકુમાર બન્યા તે સ્વાનુભવ રાજયોગથી માનસિક અને શારીરિક સ્વાસ્થ્યમાં સુધારમાં રાજયોગી આશિષભાઈએ પોતાના દાંત વડે બસ ખેંચીને બતાવી. આ કાર્યક્રમનો લાભ લેવા ઉપસ્થિત શ્રોતાગણમાં ગુજરાતી વિદ્યાપીઠ સાદરા, મહાદેવભાઈ દેસાઈ ગ્રામ સેવા મહાવિદ્યાલય અને રાષ્ટ્ર સેવા યોજનાના પ્રોગ્રામ ઓફીસર્સ જેવા લગભગ ૮૦૦ જેટલા સદસ્યોએ લાભ લીધો હતો.

# આત્મ વિલોપનના તણખા સૌરાષ્ટ્રમાં, જુનાગઢ, ગોંડલમાં દલિતોનો વિરોધ

રાજકોટ,તા.૧૮

પાટણમાં સામાજિક કાર્યકર ભાનુભાઈના આત્મવિલોપન બાદ રાજ્યભરના દલિતો રોષે ભરાયા છે, ઠેર ઠેર રસ્તા રોકી સરકારની નીતિનો વિરોધ કરી રહ્યાં છે. ગાંધીનગર બાદ સૌરાષ્ટ્રભરમાં દલિતો એકત્રિત થઈ સરકારનો વિરોધ કરી રહ્યાં છે, જેમાં ગોંડલમાં રાજકોટ નેશનલ હાઈવે રોકી વિરોધ કર્યો હતો. તો જુનાગઢ-વેરાવળ હાઈવે પર દલિતો દ્વાકા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

પાટણમાં દલિત ભાનુભાઈ દ્વારા જાત જલાવી આત્મવિલોપન કરાયાની ઘટના અને જીગ્નેશ મેવાણીની પોલીસ દ્વારા કરાયેલ ધરપકડના સંદર્ભે ગોંડલના કડિયા લાઈન ખટારા સ્ટેન્ડ પાસે ડૉ.બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા ખાતે બહોળી સંખ્યામાં શહેર-તાલુકાના દલિત સમાજના લોકો એકઠા થયા હતા. પ્રથમ બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને ફૂલહાર ચડાવી દલિતો આશાપુરા ચોકડી નેશનલ હાઈવે ખાતે પહોંચ્યું હતું. જ્યાં રોષે ભરાયેલા ટોળાએ ચક્કાજામ સરજી દેતા શહેર પોલીસે ૨૫થી ૩૦ લોકોની ધરપકડ કરી હતી.

ગોંડલમાં દલિતો દ્વારા પાટણમાં થયેલ આત્મ વિલોપનના અનુસધાનમાં આશાપુરા ચોકડી ઉપર આવીને નેશનલ હાઈવે પર કર્યો ચકકાજામ કર્યો હતો. પોલીસે ઘટના સ્થળે જઈને ૨૦થી ૨૫ દલિત આગેવાનોની અટકાયત કરી હતી. તો વેરાવળના સુપાસી ખાતે દલિતો દ્વારા દેખાવો કરવામાં આવ્યા હતા.



## પ્રાંતિજ ખાતે શ્રી બાવનગોળ કડવા પાટીદાર સમાજનો સમૂહ લગ્નોત્સવ યોજાયો

પ્રાંતિજ રેલ્વે સ્ટેશન ઉપર આવેલ જી.ઈ.બી પાસે આવેલ શ્રી ઉમાધામ સમાજવાડી ખાતે શ્રી બાવનગોળ કડવા પાટીદાર સમાજ આયોજિત પચીસમો સમૂહ લગ્નોત્સવ તથા રજત જયંતિ મહોત્સવ યોજાયો હતો. જેમાં ૨૯ નવદંપતિ ઓએ પ્રભુતામાં પગલાં પાડ્યા હતા. પ્રાંતિજ નવા બાકલપુર જી.ઈ.બી પાસે તા.૧૮-૨-૨૦૧૮ને રવિવારના રોજ શ્રી બાવનગોળ કડવા પાટીદાર સમાજ, સમૂહલગ્ન સમિતિ તથા નવદંપતિઓના માતાપિતા દ્વારા પચીસમો સમૂહ લગ્નોત્સવ ઉમાધામ, સમાજવાડી ખાતે યોજાયો હતો. જેમાં સમુહ લગ્નોત્સવમાં ૨૯ નવદંપતિઓએ પ્રભુતામાં પગલાં પાડ્યા હતાં અને સાથે- સાથે દિકરીનો ગર્ભપાત નહી કરાવવાં શપથ પણ લીધાં હતાં તો સમુહ લગ્નોત્સવમાં સમાજમાંથી પંદર હજારથી પણ વધારે સમાજના ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યાં હતાં અને નવદંપતિઓને આશીર્વાદ આપ્યા હતાં. સમગ્ર સમુહ લગ્નોત્સવનું સફળ સંચાલન સમુહ લગ્ન સમિતિ દ્વારા કરવામાં આવ્યું હતું તો આ પ્રસંગે સમાજના પ્રમુખ અમૃતભાઈ એસ.પટેલ, ઉપપ્રમુખ ગોરધનભાઈ પટેલ સહિત સમાજ ના પદાઅધિકારીઓ સહિત કારોબારી સભ્યો સહિત સમાજના અગ્રણી બાબુભાઈ એસ.પટેલ પણ ઉપસ્થિત રહ્યાં હતા.

# રમુંણ ગામે જિલ્લા પંચાયત અને ગ્રામ પંચાયતની ચૂંટણી મામલે જાહેર સભા યોજાઈ

## ગેનીબેન ઠાકોર, નથાભાઈ પટેલ, જિલ્લા કોંગ્રેસ પ્રમુખ દિનેશભાઇ ગઢવી સહિત કોંગ્રેસના અગ્રણીઓ હાજર રહ્યા

રમુંણ ગામે જિલ્લા પંચાયત અને ગ્રામ પંચાયત ની ચૂંટણી લઈ જાહેર સભા સંબોધવામાં આવી હતી જેમાં વાવ ધારાસભ્ય ગેનીબેન ઠાકોર ધાનેરા ધારાસભ્ય નથાભાઈ પટેલ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ દિનેશભાઈ ગઢવી સહિત કોંગ્રેસ ના અગ્રણીઓ હાજર રહ્યા હતા અને કોંગ્રેસ ના ઉમેદવારો ને જીતાડવા માટે હાકલ કરી હતી તો બીજી તરફ ગેનીબેને ભાજપ સરકાર ઉપર આકરા પ્રહાર કરતા જણાવ્યું હતું કે પ્રદેશ પ્રમુખ અને અલ્પેશ ઠાકોર પણ આવવાના હતા પરંતુ દલિતો ના આંદોલન થી વચ્ચે અટવાઈ ગયા છે અને ભાજપ ના રાજ માં આવા બનાવો બની રહ્યા છે અને વિવિધ આંદોલન થઈ રહ્યા છે.

બનાસકાંઠા જિલ્લા માં જિલ્લા પંચાયત અને ગ્રામ પંચાયત ની ચૂંટણી આડે હવે માત્ર ગણતરીના દિવસોજ બાકી રહ્યા છે ત્યારે આજે બનાસકાંઠા જિલ્લા ના રમુંણ ગામે કોંગ્રેસ દવરા જાહેર સભા સંબોધી હતી જેમાં વાવ ધારાસભ્ય ગેનીબેન ઠાકોર ધાનેરા ધારાસભ્ય નથાભાઈ પટેલ ડીસા ના પૂર્વ ધારાસભ્ય ગોવાભાઈ રબારી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ દિનેશભાઈ ગઢવી સહિત અનેક કોંગ્રેસ ના અગ્રણીઓ હાજર રહ્યા હતા અને કોંગ્રેસ ના ઉમેદવારો ને જીતાડવા માટે હાકલ કરી હતી રમુણ ગામની સભા માં ગુજરાત કોંગ્રેશ પ્રમુખ ભરતસિંહ સોલંકી,અલ્પેશ ઠાકોર ,જગદીશ ઠાકોર સહીત ગુજરાત માંથી અન્ય કોંગ્રેસ ના અગ્રણીઓ પણ આવવા ના હતા તેનેપરંતુ લઈ લોકોમાં પણ ભારે ઉત્સાહય જોવા મળી રહ્યો હતો અને મોટી સંખ્યા માં લોકો રાહ જોઈને બેઠા હતા પરંતુ દલિત આંદોલન નને લઈ આલોકો રસ્તા અટવાઈ ગયા હતા અને આ સભા સુધી પહોંચી શક્ય ન હતા ત્યારે આ બાબતે ગેનીબેન ઠાકોરે લોકો સમક્ષ માફી માંગી હતી.

કોંગ્રેસના ગેનીબેન ઠાકોર ધ્વરા પાટણ આત્મવિલોપન વળી વાત ને શાખાત શબ્દોમાં વખોડી કાઢી હતી અને જણાવ્યું હતું કે સારવાર ને વારંવાર રજૂઆત કરવા છતાં પણ તેનું સાંભળતા તેને આત્મવિલોપન કર્યુ અને તેનું મોટ નીપજ્યું છે અને આ સરકાર ધ્વરા દલિતો ઉપર અત્યાચાર કરવાં આવી રહ્યા છે પાટણ આત્મવિલોપન મામલે જો ન્યાય નહિ મળે તો અમે પણ દલિત પરિવાર સાથે જોડાશુંઅ અને જે આંદોલનો કરવા પડે તે કરીશું કોંગ્રેસ ની સભા માં ભાજપ ના ૨૫ જેટલા કાર્યકર્તાઓ કોંગ્રેસ માં જોડાતા બનાસકાંઠા કોંગ્રેસ માં ગાબડું પડ્યું છે અને ભાજપ ને કપરા ચઢાણ નો સામનો કરવાનો વારો આવ્યો છે.



ગેનીબેન ઠાકોર ધાનેરા ધારાસભ્ય નથાભાઈ પટેલ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ દિનેશભાઈ ગઢવી સહિત કોંગ્રેસ ના અગ્રણીઓ હાજર રહ્યા

## પોલીસ ફૂટેલી છે અને પોલીસની ગાડીમાં દારૂ વેચે છે : ગેનીબેન ઠાકોર

વાવના ધારાસભ્ય ગેનીબેન ઠાકોરે જાહેર સભા સંબોધતા જણાવ્યું હતું કે કોંગ્રેસના ઉમેદવારો ભાજપની જેમ દારૂ ન વેંચતા અને પોતાની જીત મેળવવા માટે લોકોનો જીવ જોખમમાં ન મુકતા અને જો કોઈ દારૂ વેચે તો તેના ઉપર પણ રેડ કરજો અને પોલીસ ઉપર આક્ષેપ કરતા જણાવ્યું હતું કે પોલીસના ભરોશે ન રહેતા કેમકે પોલીસ તો તેની ગાડીમાં ભરીને દારૂ વેચે છે.

## ડસ્ટબીન બન્યું... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અભાવ વચ્ચે એ ટી એમ સેન્ટરમાં અસહ્ય ગંદકીના ઢગ જોવા મળી રહયા છે. એટલુ જ નહીં પરંતુ એ ટી એમ સેન્ટરમાં લાઈટો પણ ડુલ છે. રાત્રિના સમયે મોબાઈલની લાઈટના અજવાળે કામ નિપટાવી લેવાય છે. ચોકી પહેરા વગરના આ એ ટી એમ સેન્ટરમાં ગંદકીના ઢગ વચ્ચે રખડતા ઢોર અને કુતરા ઘુસી જાય છે. આવા સંજોગોમાં ગ્રાહકોએ આર્થિક વ્યવહાર કરવાનુ પણ મુશ્કેલ બને છે. સેકટરના એ ટી એમ સેન્ટરની આ સ્થિતિ સુધારવા કોઈ પ્રયાસો થતા નથી. જેના લીધે સ્થાનિક રહીશો અને વેપારીઓ પણ ત્રાહીમામ પોકારી ગયા છે.

## બસ સેવા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હાલાકી વેઠવાનો વારો આવે છે. લગ્નવર્ધિમાં પણ એસ ટી તંત્ર દ્વારા એસ ટી બસો ફાળવવામાં આવે છે. હાલ પણ શહેરમાં લગ્નસરાની મોસમ નિખરી છે. ત્યારે ગાંધીનગર એસ ટી ડેપોની રોજ ૧૨ થી ૧૫ બસો લગ્નવર્ધિમાં દોડે છે. જેના લીધે શહેરી બસ સેવામાં કાપ આવે છે. આવા સંજોગોમાં એસ ટી બસમાં રોજબરોજ અપડાઉન કર્તા મુસાફરોએ હાલાકી વેઠવાનો વારો આવે છે. એસ ટી બસો સરકારી કાર્યક્રમ તેમજ અન્ય કોઈપણ પ્રકારના કાર્યક્રમો માટે ફાળવવામાં આવે ત્યારે શહેરી બસ સેવા પ્રભાવિત થાય છે. આ માટે એસ ટી નિગમ દ્વારા વિશેષ આયોજન ગોઠવવુ જોઈએ તેવી પણ માંગ ઉઠી છે. હાલ પણ એસ ટી નિગમની બસો લગ્નસરા માટે ફાળવવામાં આવતા ગાંધીનગર અમદાવાદ રૂટ વચ્ચે અપડાઉન કર્તા મુસાફરોને હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. જયારે ગાંધીનગર અમદાવાદ ઉપરાંત ગાંધીનગર ડેપોથી ગ્રામ્ય વિસ્તારમાં દોડતી બસોના રૂટ પણ પ્રભાવિત થયા છે. ગાંધીનગર કેપિટલ હોવાના નાતે અહીં બસ સેવાનુ યોગ્ય આયોજન થાય તેવી પણ માંગ ઉઠવા પામી છે.

## ઉદ્દઘાટન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અટલ બિહારી વાજપેયીના નેતૃત્વમાં ભાજપે એનડીએના સફળ પ્રયોગ કરીને દાખલો બેસાડ્યો હતો. ભારતની સરહદો અમારી ઓફિસની સરહદો છે. આ પ્રસંગે ઉપસ્થિત રહેલા અમિત શાહે કહ્યું હતું કે, દુનિયાની સૌથી મોટી પાર્ટીની ઓફિસ પણ ભવ્ય છે. પાર્ટીની ઓફિસ એક લાખ ૮૦ હજાર સ્કેવર ફુટમાં છે. પાર્ટીની કામગીરીને ૧૯ ભાગોમાં વિભાજિત કરવામાં આવી છે. આધુનિક સુવિધા સાથે સજ્જ આ ઓફિસના ગ્રાઉન્ડ ફ્લોર પર ભાજપના અને જનસંઘ સાથે જોડાયેલા મહાપુરુષોની પ્રતિમા મુકવામાં આવી છે. ગ્રાઉન્ડ ફ્લોર પર આઠ પ્રવક્તાઓના રુમ બનાવવામાં આવ્યા છે. ભાજપ પ્રમુખની ઓફિસ ઈમારતની સૌથી ઉપર ત્રીજા માળે રહેશે. બીજા માળ ઉપર પાર્ટીના મહાસચિવ, સચિવો અને ઉપાધ્યક્ષ બેસી શકશે. મિડિયા માટે ગ્રાઉન્ડ ફ્લોર ઉપર વ્યવસ્થા કરવામાં આવી છે. પ્રેસ કોન્ફરન્સ હોલ પણ ગ્રાઉન્ડ ફ્લોર ઉપર છે જેમાં પાર્ટીની નિયમિતરીતે બેઠક થશે. આને દુનિયામાં કોઈપણ રાજકીય પાર્ટીની સૌથી મોટી ઓફિસ તરીકે ગણવામાં આવે છે. હજુ સુધી પાર્ટીની ઓફિસ ૧૧ અશોક રોડ ઉપર હતી. હવે ભાજપ અશોક રોડની ઓફિસની જગ્યાને સરકારને પરત આપી દેશે.

## ત્રિપુરામાં

● અનુસંધાન પહેલાનું ચાલુ

પૈકીના ૭૪ ટકાથી વધુ મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. ત્રિપુરામાં કુલ મતદારો પૈકી ૧૨.૮૪ લાખ પુરૂષ મતદારો અને ૧૨.૪૮ લાખ મહિલા મતદારો છે. ૧૧ અન્ય મતદારો પણ છે. તમામ મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરવા માટે ઉત્સુક દેખાયા હતા. તમામ પાર્ટીએ તમામ બેઠકો પર ઉમેદવારો મેદાનમાં ઉતાર્યા છે. કોંગ્રેસે ૫૯, સીપીએમએ ૫૬, ભાજપે ૫૦ ઉમેદવારો મેદાનમાં ઉતાર્યાછે. આ તમામ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા છે. ત્રિપુરામાં કુલ ૫૯ બેઠકો માટે ૩૧૭૪ મતદાન મથકો ઉભા કરવામાં આવ્યા હતા જયાં મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. તમામ જગ્યાએ ઈવીએમ મારફતે મતદાન કરવામાં આવ્યું હતું. શાંતિપૂર્ણ અને નિષ્પક્ષ મતદાનની ખાતરી કરવા માટે ચૂંટણી પંચે પહેલાથી જ તમામ તૈયારી કરી લીધી હતી. તમામ મતદાન મથકો પર પુરતી સંખ્યામાં સુરક્ષા જવાનો પહેલાથી જ ગોઠવી દેવામાં આવ્યા હતા. તમામ મતદાન મથકો પર વિડિયોગ્રાફી અને ફોટોગ્રાફી કરવાનો પણ નિર્ણય પહેલાથી જ કરવામાં આવ્યો હતો. આ વખતે ચૂંટણી ભાજપ માટે પણ ઉપયોગી બન ગઈ છે.ભાજપ દ્વારા આ વખતે આક્રમક પ્રચાર કરવામાં આવ્યા બાદ આશા વધી ગઈ છે. વર્ષ ૨૦૧૩માં યોજાયેલી છેલ્લી વિધાનસભાની ચૂંટણી દરમિયાન ભાજપને ૧.૮૭ ટકા મત મળ્યા હતા.

## વિમાન દુર્ઘટના... ● અનુસંધાન પહેલાનું ચાલુ

મેહરાબાદ આંતરરાષ્ટ્રીય વિમાની મથકથી ઉંડાણ ભરી હતી. અસેમન એરલાઈન્સના પ્રવક્તાએ કહ્યું છે કે, વિમાનમાં એક બાળક અને અન્ય ૬૦ યાત્રીઓ હતા. આ ઉપરાંત છ ક્રૂ મેમ્બરો હતા. બે એન્જિનવાળુ આ વિમાન દુર્ઘટનાગ્રસ્ત થવાના કારણ હજુ સુધી જાણી શકાયા નથી. તપાસના આદેશ કરી દેવામાં આવ્યા છે. આ વિમાનનો ઉપયોગ મૂળભૂતરીતે ટૂંકા અંતરના પ્રવાસ માટે કરવામાં આવે છે. દુર્ઘટનાગ્રસ્ત સ્થળ પર ખરાબ હવામાન અને વરસાદના પરિણામ સ્વરુપે રાહત અને બચાવ કામગીરીમાં અડચણો આવી રહી છે. અધિકારીઓનું કહેવું છે કે, આ વિમાન દુર્ઘટના થઈ ત્યારે ધુમ્મસની સ્થિતિ હતી. ઈરાનના મોટાભાગના વિમાન જુના થઈ ચુક્યા છે. હાલના દિવસોમાં વિમાન દુર્ઘટનાઓ વધી ગઈ છે. ઈરાને એરબસ અને બોઈંગ સાથે યાત્રી વિમાન ખરીદવા માટે કરાર કર્યા છે. મળેલી માહિતી મુજબ ઉંડાણ ભર્યા બાદ આ વિમાન તરત જ રડાર પરથી ગાયબ થઈ ગયું હતું. મધ્ય ઈરાનના સેમીરોમની નજીક દુર્ઘટનાગ્રસ્ત વિમાનનો કાટમાળ મળી આવ્યો છે. રાહત અને બચાવ કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. વાણિજ્ય વિમાન ધુમ્મસની સ્થિતિમાં દુર્ઘટનાગ્રસ્ત થયું હતું. ઈરાનિયન કેરિયર અસેમનનું આ વિમાન હતું. આ વિમાન પહાડી વિસ્તારોમાં અથડાઈ ગયું હતું. ઈરાનિયન રેડક્રેસેન્ટે માહિતી આપતા કહ્યું છે કે, બચાવ અને રાહત કામગીરી તરત જ હાથ ધરવામાં આવી છે. ૨૦૧૫માં વિશ્વની સત્તાઓ સાથે પરમાણુ સમજૂતિ કર્યા બાદ ઈરાને એરબસ અને બોઈંગ સાથે વિમાન ખરીદવા માટે કરાર કર્યા છે.

## સમાજનો આક્રોશ....● અનુસંધાન પહેલાનું ચાલુ

દલિત આક્રોશની આગની જવાળા ભડકી હતી. રાજયભરમાં ઠેર-ઠેર હજારો દલિતો રસ્તાઓ પર આવી ગયા હતા અને સરકાર સામે ઉગ્ર વિરોધ અને પ્રદર્શનો યોજયા હતા. પોલીસે અમદાવાદમાંથી ૮૦થી વધુ, ઉંઝામાં ૭૦થી વધુ મળી રાજયના જુદા જુદા વિસ્તારો અને પંથકો ખાતેથી સેંકડો દલિત યુવકોની અટકાયત કરી હતી. જેને લઈ દલિત સમાજનો આક્રોશ વધુ ભભૂકયો હતો. દલિત વૃધ્ધ ભાનુભાઈ વણકરના આત્મવિલોપનની આગની જવાળા આજે પણ શહેર સહિત રાજયભરમાં ભભૂકતી રહી હતી. શહેરના સારંગપુર વિસ્તારમાં આજે સવારે અમદાવાદ અને ગાંધીનગર બંધને લઈ વિરોધ કાર્યક્રમો અને દેખાવો માટે દલિત આગેવાનો અને કાર્યકરો વડગામના અપક્ષ ધારાસભ્ય જીગ્નેશ મેવાણીની આગેવાનીમાં ખૂબ મોટી સંખ્યામાં એકત્ર થયા હતા. રોષે ભરાયેલા દલિત કાર્યકરોએ ટ્રાફિક અને રોડ ચક્કાજામના પ્રયાસો કર્યા હતા. જો કે, પહેલેથી જ સેંકડો પોલીસ જવાનો આ સ્થળે સુરક્ષામાં તેનાત કરી દેવાયા હતા. એક તબક્કે મામલો વધુ વણસે તે પહેલાં ક્રાઈમબ્રાંચના અધિકારીઓએ દલિત યુવા નેતા જીગ્નેશ મેવાણી અને તેમના સમર્થક કાર્યકરોની અટકાયત કરી લીધી હતી. જીગ્નેશ મેવાણીની સવારે જ પોલીસ દ્વારા અટકાયતના સમાચાર વાયુવેગે પ્રસરતાં સૌથી પહેલા પ્રત્ઘાત શહેરના જૂના વાડજ વિસ્તારમાં પડયા હતા. ઉશ્કેરાયલા દલિત યુવાઓના ટોળાએ એક કાર અને એક બાઈક સહિત ચાર વાહનોને જાહેરમાં રસ્તા પર જ સળગાવી દીધા હતા એ પછી સમગ્ર વિસ્તારમાં વાતાવરણ તંગ બની ગયુ હતું. પોલીસે તાત્કાલિક જ ઘટનાસ્થળે પહોંચી વાડજમાંથી પણ દલિત પ્રદર્શનકારીઓની અટકાયત કરી હતી.

## કાયદો અને કાનૂન ● ૪ પાનાનું ચાલુ...

અસહાય સ્થિતિમાં હોસ્પિટલોના ધક્કા ખાવા ના પડે અને ગૌરવભેર પોતાની અંતિમ જીંદગી માનભેર, સ્વમાનભેર જીવી શકે જે સંતાનો માતા પિતાની સેવાચાકરી, દવાદારૂ કે ભરણપોષણનો ખર્ચના કરે તેમની પાસેથી એક ચોક્કસ રકમ નોડલ અધિકારી આ પેટે સંતાનો પાસેથી વસુલ કરી શકશે તથા સંતાનોને તેમની જવાબદારીનું ભાન કાયદા દ્વારા કરાવશે.

સામાજીક ન્યાય અને અધિકાર મંત્રાલય પાસે આવા કેસોનો ભરાવો પુષ્કળ પ્રમાણમાં થવા પામેલ છે તથા રોજેરોજ આ બાબતે ફરીયાદો વૃધ્ધો દ્વારા ઈ-મેઈલ, પોસ્ટ કાર્ડ પત્ર વ્યવહારથી સતત થતી રહે છે જેમાં સંતાનોએ માતા પિતાની સંપતી પોતાના નામે કરી પાછળથી માતા પિતાની જવાબદારીમાંથી છટકી વૃધ્ધાશ્રમમાં નિસહાય છોડી જતા રહ્યા હોય તેવા કિસ્સા ધ્યાને આવે છે.

ભારતમાં આ સમસ્યામાં ઉત્તરોત્તર વધારો આધુનિક જીવનશૈલી તુટતી કુટુંબપ્રથા તથા સંયુકત પરિવારમાંથી અલગ થવા માંગતા યુવક યુવતીઓના કારણે થતો રહ્યો છે જેનાથી ભારતીય સંસ્કૃતિ અને સંસ્કારના મુળ ઝડપથી ખતમ થઈ વિદેશીકરણ, આધુનિકરણ અને સ્વતંત્રતાને પોતાનો અધિકાર માની સ્વચ્છંદતા તરફ ધકેલાઈ રહ્યા છે.

ભારતમાં ૧૧ ટકા જનસંખ્યા વૃધ્ધોની છે જેમાં ૧૩ ટકા જેટલો વધારો આવનાર દિવસોમાં થશે. સુખ સુવિધા તથા આરોગ્યની સવલતોના કારણે માણસોની ઉંમરમાં વધારો થતો જાય છે પાછલી જીંદગીમાં પોતાના સંતાનોની હુંફમાં સરળતાથી વિતશે તેવી આશાએ માતા પિતા પોતાની મરણ મુડી સંતાનોના ભણતર, લગ્ન તથા કેરીયર માટે ખર્ચી નાંખતા હોય છે અને પોતાના ભવિષ્યની કોઈ જ યોજના બનાવતા નથી કયાંય લાગણીના કારણે તો કયાંય મજબુરીના નામે માતા પિતા સંતાનોના નામે પોતાની તમામ સંપતી કરી નાંખે છે અને પાછળથી આજ સંતાનો દ્વારા તેમને દગો કરી ઉપેક્ષીત વર્તનથી રોજરોજ મોતની નજીક મોકલતા યેનકેન પ્રયત્નો કરતા રહે છે. સામાજીક બંધન, ઈજ્જત અને આબરૂના કારણે મુંગા મોઢે માતા પિતા અસહ્ય વેદના સહન કરતા હોય છે પરંતુ સંતાનો સામે સામાજીક અવાજ ઉઠાવી શકતા નથી. આવા અસહય નિરાધાર વૃધ્ધોનો સહારો હવે સરકાર બની સામાજીક ન્યાય અને અધિકાર મંત્રાલય દ્વારા આવા વૃધ્ધોની સારસંભાળ, દેખરેખ, દવાદારૂ તથા ભરણપોષણ કરી તેની રકમ સંતાનો પાસેથી વસુલ કરાશે. આવનાર દિવસોમાં નવા નિયમ, કાયદામાં સુધારો વૃધ્ધો માટે આશાનું એક માત્ર અંતિમ કિરણ નજર આવશે.

## અતિતની આજ ● ૪ પાનાનું ચાલુ...

વડોદરાના રાજવી તરીકે સત્તા સંભાળી અને છેક મૃત્યુ લગી એટલેકે ૧૯૩૯ સુધી ગાદીએ રહ્યા.પ્રજાવત્સલ રાજવી તરીકે એમની કીર્તિ હતી.દક્ષિણમાં છેક નવસારી જિલ્લાથી ઉત્તરમાં મહેસાણા જિલ્લા અને સૌરાષ્ટ્રમાં અમરેલી જિલ્લા લગી વડોદરા રાજ્યની હદ હતી.ગુજરાતના સૌથી મોટા રજવાડાના પ્રજાપ્રિય રાજવી અંગે હકીકતમાં સમગ્ર સાહિત્ય પ્રકાશિત કરવાની જવાબદારી ગુજરાત સરકારની થાય, પણ એ તક આ વર્ષે મહારાષ્ટ્ર સરકારે ઝડપી લીધી છે.મહારાષ્ટ્રના જાણીતા સર્જક-પ્રકાશક બાબા ભાંડની મહારાષ્ટ્ર સાહિત્ય આણિ સંસ્કૃતિ મંડળના અધ્યક્ષપદે નિયુક્તિ થતાંજ તેમણે સરકાર સાથે ચર્ચા-વિચારણા કરીને ઉચ્ચ તથા તંત્ર શિક્ષણ મંત્રી વિનોદ તાવડેની અધ્યક્ષતામાં મહારાજા સયાજીરાવ ગાયકવાડ ચરિત્ર સાધને પ્રકાશન સમિતિ(ઔરંગાબાદ)ની રચના કરાવીને એના સભ્ય-સચિવ તરીકે મહારાજા વિશે કુલ ૫૦ ગ્રંથ પ્રકાશિત કરવાનું ભગીરથ કામ હાથમાં લીધું છે.અગાઉ વડોદરાના ૮૬ વર્ષીય તબીબ ડૉ.દામોદર નેનેએ મહારાજાનું જીવનચરિત્ર મરાઠીમાં લખેલું છે.વડોદરાનાં મંદાતાઈ હિંગુરાવ પણ એ સમિતિમાં છે.આધુનિક ભારતના એક શિલ્પકાર એવા મહારાષ્ટ્રના ગૌરવવંતા પુત્ર વિશેના ૧૨ ગ્રંથનું લોકાર્પણ અને મહારાજા પરનું વિશેષ સત્ર તો વડોદરાના આ વખતના સાહિત્ય સંમેલનનું ઘરેણું ગણાયું.

**સમાજસુધારકોને સયાજીરાવની હૂંફ**

મહાત્મા ફૂલે, છત્રપતિ શાહૂ મહારાજ, કર્મવીર વિ.રા. શિંદે, કર્મવીર ભાઉરાવ પાટીલ, ડૉ.બાબાસાહેબ આંબેડકર, ન્યાયમૂર્તિ મહાદેવ ગોવિંદ રાનડે સહિત મહારાષ્ટ્રના સમાજસુધારકો તરીકે જાણીતાં વ્યક્તિત્વોને મહારાજા સયાજીરાવ ગાયકવાડ તરફથી પ્રેરણા અને મદદ મળી હતી,એ વાતનો કૃતજ્ઞતાપૂર્વક ઉલ્લેખ ''અણમોલ ખજાના''ની વાત કરતાં બાબા ભાંડ ચૂકતા નથી.મહારાજા જેવા યુગપુરુષ અંગે ભાંડ કહે છે : ''મહારાષ્ટ્ર સરકારે મહારાજા સયાજીરાવ ગાયકવાડની ઓળખ સમગ્ર હિંદુસ્થાનને નવી રીતે કરાવવા માટે તેમના સમગ્ર સાહિત્ય, હજારો પત્રો, સેંકડો ભાષણો, સાઠ હજારથી વધુ કાયદા, સામાજિક સુધારણાને લગતા નિર્ણયોનો અભ્યાસ કરીને તેનું પ્રકાશન અને વિતરણ કરવાનો સંકલ્પ કર્યો છે.'' વડોદરાના સંમેલનમાં જે ૧૨ ગ્રંથોનું લોકાર્પણ નક્કી થયું, તેમાં મહારાજાનાં અત્યાર સુધી અપ્રગટ રહેલાં કેટલાંક પાસાં પણ પ્રગટશે.પ્રારંભિક બાર ગ્રંથમાં મરાઠી અને અંગ્રેજી ગ્રંથોનો સમાવેશ છે.સમયાંતરે એ હિંદીમાં પણ પ્રકાશિત થશે.આવતા માર્ચ મહિનામાં વધુ ગ્રંથોનું લોકાર્પણ થવાની વાત પણ બાબા ભાંડે કરી. ડૉ.બાબાસાહેબના મહારાષ્ટ્ર સરકારે પ્રગટ કરેલા ગ્રંથોની જેમ ગુજરાત સરકાર કમસેકમ આ ગ્રંથોનો ગુજરાતીમાં અનુવાદ પ્રકાશિત કરાવી શકે તોય ઘણું. માત્ર ૧૨૦ રૂપિયામાં ૫૦૦થી ૭૦૦ પાનાંનો એક એવા બાર ગ્રંથ આ મુજબ છે : (૧) અને (૨) : ભાષણ સંગહ-૧ અને ૨ સં. ડૉ.રમેશ વરખેડે (૩), (૪) અને (૫) : પત્રસંગ્રહ સં.ડૉ.એકનાથ પગાર (૬) અને (૭) : Speeches & Addresses Part-1 and 2 Ed. Prof. Avinash Sapre (૮), (૯), (૧૦) અને (૧૧) : Selected Letters Part-1, 2, 3 and 4 Ed. Dr. Eknath Pagar (૧૨) : ગૌરવગાથા યુગપુરુષાચી સં:બાબા ભાંડ. આ ગ્રંથોમાં રાઈટ બંધુઓએ વર્ષ ૧૯૦૩માં સર્વપ્રથમ વિમાન ઉડાડ્યું, એનાં ઘણાં વર્ષ પહેલાં મહારાજાની આર્થિક અને પ્રેરક સહાયથી મુંબઈની ચોપાટી પર પુણેના સંસ્કૃત પંડિત શિવકર બાપૂજી તળપદેએ એપ્રિલ ૧૮૯૫માં વિશ્વમાં સર્વપ્રથમ વિમાન ઊડાડવાનો પ્રયોગ કરી બતાવ્યો હોવાનો દાવો કરાયો છે.મહારાજા સયાજીરાવ અને જસ્ટિસ રાનડે એ પરીક્ષણ વખતે હાજર હોવાનું પણ જણાવાય છે.થોડીક મિનિટો માટે એમનું વિમાન ૧૫૦૦ ફીટ ઊંચાઈએ ઊડીને નીચે પટકાયું હતું. કમનસીબે ભારતીય વિમાનવિદ્યા અને રામાયણના પુષ્પક વિમાનની કલ્પનાને નકારનારાઓ એચ.જી.વેલ્સની નવલકથા પરથી રાઈટ બંધુઓને વિમાનની પ્રેરણા મળ્યાનું તો પાછું કબૂલ રાખે છે!

haridesai@gmail.com

## લાગ્યુ એવું લખ્યું

● અનુસંધાન બીજાનું ચાલુ

થયેલા નિધન પછી રાજ્ય સરકાર દ્વારા તેમને ન્યાયિક વળતર જાહેર કરવામાં પણ જોવા મળ્યુ છે. આ પ્રકારની શાલકીય અને વહીવટી વિલંબથી સર્જાતા આક્રોશને પગલે આંદોલનનો અને હડતાલો કે બંધના એલાનોથી સામાન્ય જનજીવનને વારંવાર ખોરવવાનો વારો આવે છે. તેમજ સરકારી સંપતિ સહિત નિર્દોષોના જાન-માલ પર જોખમ ખડુ થાય છે. પોલીસતંત્રને આવા સમયે લેવા પડતા આકરાં પગલાને કારણે પ્રજાના રોષના ભોગ પણ બનવુ પડે છે અને જો કાર્યવાહી શાસકની છબી ખરડાય તેવી બને તો સરકારની નારાજગી વ્હોરવી પડે છે. આ કારણે અનેકવાર પોલીસતંત્ર પણ પગલાં ભરવામાં સરકારના વલણની રાહ જોવુ જોવા મળે છે.

સરકારને નીચા જોણું થાય તેવી પરિસ્થિતિ માટે રાહ જોઈને બેઠેલા વિરોધ પક્ષો આવા સમયે સરકારી નિર્ણયોને ખોરવવા કે વહીવટી વિલંબને હાથો બનાવવા સક્રીયતા દાખવતા જોવા મળે છે. રાજ્યના સમતોલ અને યોગ્ય દિશા તરફના વિકાસ તથા પ્રજાની સુખાકારી સાથે સલામતી અને શાંતિ માટે સરકારે પ્રજાલક્ષી નિર્ણયક્ષમતા લેવાની તત્પરતા અને તેનો ઝડપી અમલીકરણ માટે વહીવટીતંત્રની કાર્યદક્ષતા સુધારવા બાબતે ધ્યાન કેન્દ્રિત કરવુ એ સમગ્ર રાજ્ય માટે હિતકારક બની રહેશે.

**''રચો, રચો અંબરચુંબી મંદિરો,**
**ઊંચા ચણો મ્હેલ, ચણો મિનારા,**
**ભૂખ્યાંજનોનો જઠરાગ્નિ જાગશે,**
**ખંડેરની ભસ્મકણી ના લાધશે.''**
**- ઉમાશંકર જોષી**

પ્રતિભાવો આવકાર્ય
Samirlalod@yahoo.com